રાજ્યમાં સ્વતંત્રતા દિનની શાનદાર ઉજવણી

આનંદીબેને ધ્વજવંદન કરીને સંબોધન પણ કર્યું : સ્વતંત્રતા દિવસે ગુજરાતમાં પ્લાસ્ટિકના વપરાશ ઉપર પૂર્ણ પ્રતિબંધ

અમદાવાદ,તા. ૧૬

નવરચિત મહિસાગરમાં જિલ્લામાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી ગઈકાલે પરંપરાગતરીતે કરવામાં આવી હતી. મહિસાગરના મુખ્ય મથક લુણાવાડામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ધ્વજવંદન કરાવ્યું હતું અને જનતા જનાર્દનનું અભિવાદન કરી દેશભક્તિ સાથે રાષ્ટ્ર માટે કર્તવ્યભાવનો પ્રેરક સંદેશો આપ્યો હતો. આનંદીબેને સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરુપે ધ્વજ વંદન કર્યા બાદ ગુજરાતમાં પ્લાસ્ટિકના વપરાશ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. પર્યાવરણની સુરક્ષા, પશુઓના આરોગ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં લઈને આ અંગેની જાહેરાત કરી હતી. કેટલીક મહાનગરપાલિકાઓમાં ૪૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિક વપરાશ પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. મહિસાગરની ધરા પર રાજ્યકક્ષાની ઉજવણી વેળા મુખ્યમંત્રીએ માતૃભૂમિની મુક્તિ માટે પોતાના પ્રાણોની આહૂતિ આપનાર દેશના સંતાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમના ચિંધેલા માર્ગે રાજ્યના જનજનની સર્વાંગી સમુત્કાંતિ માટે અપીલ કરી હતી. નારી શક્તિ, કૃષિ ક્રાંતિ, ઔદ્યોગિક વિકાસ, ગુણવત્તા સભર શિક્ષણ, વધુ સારા આરોગ્ય, વંચિતોના કલ્યાણ, વનબંધુઓની સમૃદ્ધિની બહુપાંખીય વ્યૂહરચના વડે ગુજરાતના વિકાસની વાત કરી હતી. આનંદીબેને તિરંગાને સલામી આપી તે વેળા હેલિકોપ્ટરમાંથી પૂષ્પવર્ષા કરવામાં આવી હતી. સંપૂર્ણ માહોલ દેશભક્તિમય બની ગયો હતો. સમગ્ર મહિસાગર જિલ્લામાં પહેલી ઓગસ્ટ-૨૦૧૫થી જ જનહિતના વિકાસકામોના વિવિધ લોકાર્પણ, શિલાન્યાસના શ્રેણીના મંત્રીઓના હસ્તે કાર્યક્રમો સંપન્ન થઈ રહ્યા હતા. રાજ્ય સરકારના મંત્રીમંડળના મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ અને વિવિધ બોર્ડ નિગમોના અધ્યક્ષો અને પદાધિકારીઓ દ્વારા સમગ્ર જિલ્લામાં મળીને એકંદરે રૂપિયા ૫૨ કરોડના ખર્ચ સાથે ૨૮૦ લોકાર્પણ અને રૂપિયા ૨૧ કરોડના ૧૨૧ ખાતમૂહૂર્તના કામો સાથે કુલ રૂપિયા ૧૮૭ કરોડના કુલ ૪૦૯ વિવિધ વિકાસકામો શરૂ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય પર્વો જનભાગીદારી સાથે લોકો વચ્ચે જઈને જિલ્લામથકોએ ઉમંગ-ઉત્સાહથી ઉજવવાની તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવતર પહેલરૂપે પાટનગર ગાંધીનગરના દાયરાની બહાર પહેલીવાર સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી વર્ષ ૨૦૦૩માં કરી હતી.

તલોદ પાલિકા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે ખેલ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું

તલોદ, તા. ૧૬

તલોદ પાલિકા દ્વારા ૬૯માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તલોદ સ્ટેશન શાળા નં. ૧ અને ૨ ના પટાંગણમાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ ધ્વજવંદનને સલામી આપી 'વંદેમાતરમના નારાથી રાષ્ટ્રગીત સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા હતા. પાલિકાના ચિફ ઓફીસર સતિષભાઈ પટેલે વિવિધ વિકાસના ઉદબોધન કર્યા હતા. જ્યારે પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલે પોતાના અઢી વર્ષસાશનકાળમાં નગરજનોના સાથ અને સહકારનો આભાર વ્યક્ત કરતાં વિવિધ વિકાસની જાણકારી આપતા સૌ નગરજનોનો સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી હતી. શાળાના શિક્ષક સ્ટાફ અને આચાર્યઓએ આભારવિધિ કરી સફળ કાર્યક્રમ બનાવ્યો હતો.

મહેમાન પદે જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલ, માજી કાયદામંત્રી વિ.ડી. ઝાલા તથા પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ અને જયેન્દ્રસિંહ રાઠોડ હાજર રહ્યા હતા. તલોદ-પ્રાંતિજ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયા ખાસ હાજરી આપી હતી. સૌ કોઈએ નગરજનો અને દેશવાસીઓને યાદ કરી આપણા જાંબાઝ શહિદવીરોની ગાથા પણ યાદ કરી હતી.

માલપુર પંચાયતને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા પંચાયતના જ પૂર્વ ઉપસરપંચ આમરણાંત ઉપવાસ પર બેઠા

અરવલ્લી જિલ્લાના માલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં ગેરરીતીઓ અંગે વિજીલન્સ તપાસની માંગ ઉઠાવીને હાથ ધરાયેલા વધારાના દબાણ બાંધકામ અને હોદ્દાનો દૂર ઉપયોગ કરતા સરપંચ-ઉપસરપંચ સામે કાર્યવાહિ માટે કરાયેલ માંગ અંગે કોઈ જ કાર્યવાહિ ન થતાં ન છૂટકે પાલનપુરના પૂર્વ ઈન્ચાર્જ સરપંચે ૬૯માં સ્વાતંત્ર્ય દિનના દિવસે માલપુર ગ્રામ પંચાયતને ભ્રષ્ટાચારના ભરડામાંથી આઝાદ કરવા આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. આજે આ ઉપવાસ બીજા દિવસે પણ યથાવત રહ્યા છે.

માલપુર ગ્રામ પંચાયતના પૂર્વ ઈન્ચાર્જ સરપંચ દિલીપકુમાર જાદવે માલપુર ગ્રામ પંચાયત દ્વારા તા. ૧૭-૧-૨૦૧૨ થી આજદિન સુધી માલપુર ગ્રામ પંચાયતે ઉઘરાવેલ અને વસુલાત કરેલા નાણાંનો ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાની સાથે માલપુર ગ્રામ પંચાયત દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટો વિકાસના નામે બારોબાર સત્તાધીશો સગેવગે કરી દેતા મસમોટા કૌભાંડ આચરતા સત્તાધીશો સામે પૂર્વ ઈન્ચાર્જ સરપંચે સ્વાગત કાર્યક્રમમાં ઓનલાઈન ફરીયાદ કરાઈ હતી. પાછલા એક મહિનામાં પાંચ વાર અરજીઓ કરવા છતાં અરજદારે દર્શાવેલ ગેરરીતીઓ દબાણો સહિતના પ્રશ્નોની તપાસ હાથ નહિ ધરાતા પૂર્વ ઈન્ચાર્જ મુખ્યમંત્રી સુધી રજૂઆત હાથ ધરી હતી. આમ છતાં કઈ ઘટતી તપાસ હાથ નહિ ધરાતા ભ્રષ્ટાચારીઓ બેફામ બનતા સરપંચ ન છૂટકે આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. બીજા દિવસે યથાવત રહ્યા હતા. પૂર્વ સરપંચને આશ્વાસન આપવા કે તેમના દ્વારા કરાયેલી અરજીઓ અને ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કામોના રૂપિયાના ભ્રષ્ટાચાર સંદર્ભે યોગ્ય કાર્યવાહિ હાથ ધરવા સરકારી વહીવટી તંત્ર ન ફરકતા પૂર્વ સરપંચ દ્વારા આમરણાંત ઉપાસ જ્યાં સુધી ન્યાય નહિ મળે ત્યાં સુધી લંબાવવામાં આવશે.

રોગચાળો વક્કર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એડીસના બ્રિડીંગ મળી આવ્યા હતા. એવી વિગતો જાણવા મળી છે કે આ વિસ્તારમાં વારંવાર વીજપુરવઠો ખોટવાઈ જતો હોવાથી ફ્રિઝ ડીફ્રીઝ થઈ બરફનું પાણી ટ્રેમાં ટપક્યા કરતુ હોવાથી અહિ એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

વારંવાર વીજપુરવઠો ખોરવાતા હોવાની વાત પણ તંત્રને હચમચાવી ગઈ છે. છેલ્લા બે દિવસથી આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી માટે ૧૪ જેટલી તંત્રની ટીમો કામે લાગી છે.

બિનસત્તાવાર વિગતો પ્રમાણે આ વિસ્તારમાંથી પાણીજન્ય રોગચાળાના અર્થાત્ કમળાના પણ એક-બે કેસ મળી આવ્યા છે. અને તે દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આમ ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર ગણાતા કુડાસણ અને સરગાસણની કન્સ્ટ્રક્શન સાઈટો તેમજ રેસીડેન્સીયલ એરિયામાં રોગચાળાના બધાજ લક્ષણોએ અડ્ડો જમાવ્યો છે અને આરોગ્યતંત્ર માટે મોટો પડકાર બની રહેલ છે.

શિવાલયો ઉભરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા ભાવિકો ઉમટી પડશે. જ્યારે પવિત્ર શ્રાવણ માસમાં રૂદ્રાભિષેક, બીલીપત્રના અભિષેકની પૂજાથી ભક્તો ભોળાનાથની કૃપાદૃષ્ટી મેળવવા ભક્તિરસમાં તલ્લીન થશે. શિવજીને શ્રાવણ માસ સૌથી વધુ પ્રિય હોવાથી ભાવિકો પણ ભગવાન શિવની અનુકંપા મેળવવા પૂજા અર્ચના માટે ઉત્સુક જોવા મળે છે. પવિત્ર શ્રાવણ માસનું અનોખુ મહત્વ હોવાથી નગરના શિવમંદિરોમાં પણ વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રાવણ માસ શિવજીને ખુબજ પ્રિય હોવાથી ભાવિકો ભગવાનના આશીર્વાદ મેળવવા ભોળાનાથની ભક્તિમાં તલ્લીન થઈ ઓમ નમઃ શિવાયના નામનું રટણ કરીને પુણ્ય કર્મનું ભાથુ બાંધવા શિવભક્તિમાં લાગી જાય છે. શ્રાવણ માસ વિશેની પૌરાણિક કથા મુજબ આ માસમાં સમુદ્ર મંથન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તેમાંથી વિષ નિકળ્યુ જેને ભોળાનાથે કંઠમાં સમાવી સૃષ્ટિની રક્ષા કરી હતી. જ્યારે શાસ્ત્રોમાં વર્ણન મુજબ શ્રાવણ માસમાં ભગવાન વિષ્ણુ યાગનિંદ્રામાં ચાલ્યા જાય છે. જેથી સૃષ્ટિના સંચાલનનું ઉત્તરદાયિત્વ ભગવાન શિવ ગ્રહણ કરે છે. તેવું વર્ણન પણ શાસ્ત્રોમાં છે. શ્રાવણ માસમા સોમવારનું વ્રત કરવાનું પણ વિશેષ મહત્વ હોય છે. સોમવારે ભગવાનનુ પૂજા અર્ચના માટે પણ વિશેષ આયોજન કરવામાં આવે છે. શિવજીની પૂજાથી જીવનમાં સર્વે પ્રકારના સુખો પ્રાપ્ત થાય છે. શ્રાવણના પ્રારંભે પ્રથમ સોમવારે શિવમંદિરોમાં ભોળાનાથની વિશેષ પૂજા યોજવામાં આવશે. નગરના સે. ૨૨ પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ, સે. ૪ ઓમકારેશ્વર મહાદેવ, સે. ૧૬ સોમનાથ મહાદેવ સહિતના શિવમંદિરોમાં શિવજીની પૂજા અર્ચના તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે શહેર નજીક સ્થિત વાસણિયા મહાદેવ, ધોળેશ્વર મંદિર તેમજ કોટેશ્વર મહાદેવ મંદિરમાં પણ શિવ પૂજાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શિવને જળાભિષેક કરી ભાવિકો ધન્યતા અનુભવશે. બમ બમ ભોલે તેમજ ઓમ નમઃ શિવાયના જયઘોષથી નગર આખુય શિવજીની ભક્તિમાં તલ્લીન બનશે. શિવજીને એકમાત્ર બીલીપત્ર અર્પણ કરવાથી પાપોમાંથી મુક્તિ મળતી હોવાની ભાવના અને અખુટ શ્રદ્ધા સાથે ભાવિકો ભોળાનાથને રીઝવવા માટે ભક્તિ રસમાં તરબોળ થશે. શિવમંદિરોને પણ ભાવિકો દ્વારા શણગારવામાં આવ્યા છે. જ્યારે મંદિરોમાં પણ ભજન તેમજ રૂદ્રાભિષેક સહિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

મેયર જ અટવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકમાર્કેટની પણ મુલાકાત લીધી હતી. તેમણે વધતી જતી ગંદકી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

ગેરકાયદે પાથરણાવાળા અને લારીવાળાઓને લઈ ઉભી થઈ રહેલી સમસ્યાને કારણે ડીસ્ટ્રીકટ શોપીંગમાં જવું પણ ખાસ કરીને સાંજના સુમારે અઘરૂ બની રહ્યું છે અને આ ભીડમાં ખીસ્સા કાતરૂઓની બદી પણ ફુલે ફાલે તેવી સ્થિતિ નિર્માણ થઈ રહી છે.

સેકટર-૨૧માં સફાઈની સમસ્યા તેમજ વરસાદી પાણીના નિકાલને લઈ ગંભીર સમસ્યાઓ ઉભી થઈ રહી છે. આ વિસ્તારમાં તાકીદે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી વેપારીઓએ રજુઆત કરી હતી.

આ બાબતે આજે શ્રી મહેશભાઈ, શ્રી જયોતિન્દ્રભાઈ વ્યાસ, શ્રી ભરતભાઈ મોદી, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી ગિરીશભાઈ ઠકકર હાજર રહ્યા હતા અને રજુઆતો કરી હતી.

આજે પ્રથમ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાત મંત્રીઓની કમીટીની રચના કરી છે. આ કમિટીની રચના બાદ હવે સરકાર સામે ચાલીને આ સંસ્થાઓને વાટાઘાટો માટે આમંત્રણ આપીને બોલાવવાનું શરૂ કર્યું છે.

પ્રથમ તબક્કે આવતીકાલે ૩ સંસ્થાઓના આગેવાનોને બોલાવવામાં આવ્યા છે. જેમાં સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતિ એમ બે પાટીદાર સંસ્થા અને કચ્છ કાઠીયાવાડ બ્રહ્મસમાજ સહિત ૩ સંસ્થાના પ્રતિનિધિઓને બોલાવાયા છે. આ ત્રણેય સંસ્થાઓને રજુઆતો માટે અડધો અડધો કલાકનો સમય અપાયો છે. તબક્કાવાર તમામ સંસ્થાઓ અને સમાજોને બોલાવવામાં આવનાર છે.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંજુ શર્મા, વત્સલા વાસુદેવ, પંકજકુમાર, વિપુલ મિત્રા, બી.બી.સ્વૈન અને ટી.નટરાજન તરફથી એપ્લાય કરવામાં આવ્યું છે. જો કે રાજ્ય સરકારે આ ફાઈલ નવી દિલ્હી મોકલી નથી અને કેન્દ્ર સરકાર તરફથી એવો કોઈ આદેશ પણ કરવામા આવ્યો નથી તેમ છતાં અનિતા કરવલ, અતનુ ચકવર્તી અને પંકજકુમારના નામ ચર્ચામાં ટોપ ઉપર રહ્યા છે...

ગુજરાતમાં પોસ્ટર વોર શરૂ થયું છે ...

અનામત મેળવવા માટે પાટીદાર આંદોલન ચાલી રહ્યું છે ત્યારે સંસ્કાર નગરી વડોદરામાં પોસ્ટર વોર શરૂ કરવામાં આવ્યું છે. આ પોસ્ટર્સ પટેલ સમાજ વિરોધી છે. પટેલોએ આંદોલન ન કરવું જોઈએ તેવો તેમાં સંદેશ છે. યુવા પાટીદારના નામથી આ પોસ્ટર્સ લાગ્યા છે. પોસ્ટર્સમાં લખવામાં આવ્યું છે કે પાટીદારોએ અનામતની માંગ ના કરવી જોઈએ, કારણ કે બંધારણિય રીતે શકય નથી. હાલ ૪૯ ટકા અનામત એસસી, એસટી અને ઓબીસી જાતિના લોકોને આપવામાં આવી છે અને સુપ્રીમ કાર્ટના ચુકાદા પ્રમાણે રાજયમાં ૪૯ ટકાથી વધુ અનામત શકય નથી જેથી પાટીદારોએ અનામતની માંગણી છોડી દેવી જોઈએ. વડોદરાના પાટીદાર આંદોલન સમિતિના કન્વીનર પરેશ પટેલે વડોદરામાં ઠેકઠેકાણે જે હોર્ડીંગ્સ લગાવાયા છે તેના માટે સીધી રીતે ભાજપને જવાબદાર ગણાવ્યું છે અને તેમણે ભાજપ પર આક્ષેપ મુક્યો છે કે ભાજપ પાટીદારોના આંદોલનને તોડી નાખવાનો પ્રયત્ન કરી રહી છે અને આ હોર્ડીંગ્સ લગાવવામાં ભાજપનું ષડયંત્ર છે...

નો પ્લાસ્ટીક, પણ ગુનેગાર પકડશે કોણ?!...

સ્વાતંત્ર્ય દિને રાજયના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે પ્લાસ્ટીકના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકતો આદેશ કર્યો છે પરંતુ આ આદેશનું પાલન કોણ કરશે તે એક મોટો સવાલ છે, કારણ કે ગુજરાતમાં ગુટખા ઉપર પ્રતિબંધ મૂકાયેલો છે. જાહેરમાં ધુમ્રપાન કરવા પર નિષેધ છે આમ છતાં આ કાયદાનું પાલન થતું નથી. આજે તો સ્કૂલો અને કોલેજો તેમજ સરકારી ઓફિસોની આસપાસ ધુમ્રપાન થાય છે. ગુટખા બિન્દાસ વેચાય છે. ભારતમાં પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયમાં કેરાલા અને આંધ્રપ્રદેશની સાથે ગુજરાત પણ જોડાયું છે તે સારી બાબત છે. ભારત સરકારે પણ અગાઉના વર્ષોમાં પ્લાસ્ટીક પર બાન મૂકવાના પ્રયાસો કર્યા છે પણ રાજયો તરફથી સહકાર મળી શક્યો ન હતો. સરકારી તંત્ર પાસે પ્લાસ્ટીકના વપરાશ સામે નિયંત્રણ લાવી શકે તેવી ટીમ મોજૂદ નથી ત્યારે આવો આદેશ ગ્રામ પંચાયત, જિલ્લા કે તાલુકા પંચાયત, નગરપાલિકા કે મહાનગર પાલિકા અમલી બનાવશે કે કેમ તે એક શંકા છે. કાયદાની નબળાઈમાં મામૂલી દંડ લઈને છોડી મૂકવાની જોગવાઈ હોવાથી વેપારીઓ અને પાથરણા બજારને પ્લાસ્ટીકનો ઉપયોગ કરતાં કોઈ રોકી શકતું નથી. સાચો પ્રતિબંધ જોવો હોય તો આપણા નેતાઓ અને ઓફિસરોએ ભૂતાન જેવા નાનકડા દેશની મુલાકાત લેવી જોઈએ, કારણ કે આ દેશમાં પ્લાસ્ટીકના વપરાશ ઉપર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પર્યાવરણના ભોગે કોઈપણ ઈન્ડસ્ટ્રીઝને આ દેશમાં પ્રવેશ નથી...

મહિલા ૬૦૦ યોજના, ૪૭ હજાર કરોડ ...

મહિલા ચીફ મિનિસ્ટરના રાજમાં મહિલાઓ માટેની યોજનાઓ હોય તેવું બને જ નહીં. આપણી મહિલાઓને ખબર નથી કે તેમના માટે સરકારે કેટલી યોજનાઓ બનાવી છે.

મહિલા કલ્યાણ અને સ્ત્રી સશક્તિકરણની વાતો કરતી સરકારે છેલ્લા ૧૫ વર્ષમાં અનેક યોજનાઓ મહિલાઓના નામે બનાવી છે. પહેલાં નરેન્દ્ર મોદી અને પછી આનંદીબેન પટેલની સરકારે અત્યાર સુધીમાં ૬૦૦ યોજનાઓ બનાવી છે જેમાં મહિલાઓને આર્થિક તેમજ સામાજીક ફાયદો થાય છે. કમી યોજનાઓમાં નથી પણ તેના અમલીકરણમાં જોવા મળે છે. મહિલાઓ માટે કેટલી યોજનાઓ ચાલે છે, કઈ યોજનામાં કોને કેટલો ફાયદો થાય તેમ છે. કઈ યોજનાથી મહિલા ઉચ્ચ અભ્યાસમાં જોડાઈ શકે છે તેવી બાબતોની સરકારે પ્રસિદ્ધિ કરી જ નથી. સરકારી આંકડા પ્રમાણે રાજ્ય સરકારે તમામ યોજનાઓ પાછળ અત્યાર સુધીમાં ૪૭,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે...

ડેમેજ કન્ટ્રોલ માટે નવી સ્કીમ બનાવો ...

કોઈપણ આંદોલન શરૂ થાય ત્યારે પહેલા તેને કચડી નાંખવાનો પ્રયાસ કરવામાં આવે છે. ભાગલા પાડો અને રાજ કરો ની નિતી પ્રત્યેક સરકારની ખૂબી ગણાય છે. કર્મચારી આંદોલન શરૂ થાય તો કર્મચારી આગેવાનો અને તેમના સંગઠનને તોડવાનું શરૂ કરવામાં આવે છે. હવે પાટીદાર આંદોલન તેની તેજ ગતિએ આગળ વધે છે ત્યારે તેને તોડવાના પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવે છે તે સમજી શકાય તેવું છે. અનામત આંદોલનમાં હજારો પાટીદારો અને તે પણ યુવા પાટીદારો જોડાઈ જતાં સરકારે સાત સિનિયર પ્રધાનોની એક સમિતિ બનાવવી પડી છે. આંદોલનને તોડવામાં નિષ્ફળ નિવડેલી સરકારે મંત્રણાના ટેબલ ઉપર પાટીદાર આગેવાનોને આમંત્ર્યા છે. હવે બીજી જ્ઞાતિઓ પણ મેદાને આવી છે ત્યારે એક ઓફિસરે કહ્યું હતું કે સરકારે અનેક સ્કીમો શરૂ કરી છે તેમાં ડેમેજ કન્ટ્રોલ નામની એક નવી સ્કીમ શરૂ કરવાની જરૂર છે જેમાં સમાજના નિષ્ણાંતોને નિયુક્ત કરવા જોઈએ કે જેથી આંદોલનો કે માગણીઓને સરખો ન્યાય મળી રહે...

બ્રાહ્મણોને આર્થિક વિકાસ નિગમ જોઇએ છે ...

ભાજપની સરકારને પાટીદાર આંદોલનની સમસ્યા સતાવી રહી છે ત્યારે અન્ય સવર્ણો પણ અનામત માટે આંદોલન શરૂ કરી રહ્યા છે. ક્ષત્રિયો પછી બ્રાહ્મણોએ પણ તેમના આંદોલનના કાર્યક્રમો ઘડી કાઢ્યા છે. સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ જોષીએ જણાવ્યું છે કે સમસ્ત બ્રહ્મ સમાજ અને સૌરાષ્ટ્રકચ્છ બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે સરકાર પાસે આર્થિક માપદંડ આધારિત અનામત, શૈક્ષણિક ક્ષેત્રે અનામત તેમજ બ્રાહ્મણ આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવા ગુરાત રાજ્યના બ્રાહ્મણ સમાજની તમામ જ્ઞાતિઓના હોદ્દેદારોની એક બેઠક ૧૮મી ઓગષ્ટના રોજ બપોરે બે કલાકે સત્તર તાલુકા બ્રાહ્મણ સમાજ ભવન, નવજીવન પ્રેસ રોડ, નવરંગપુરા, અમદાવાદમાં રાખવામાં આવી છે. આ બેઠકમાં સમાજના આગેવાનો તરફથી આંદોલનના કાર્યક્રમો નક્કી કરવામાં આવનાર છે...

આંદોલન ભાજપને ભારે પડી શકે છે ...

પાટીદાર આંદોલનને ભાજપના ધારાસભ્યોનો પવન મળી રહ્યો છે. એટલે કે છૂપા આશીર્વાદ છે, કારણ કે તેમને સમાજ સાથે રહેવાનું છે. સરકારની યોજના આંદોલનને કચડી નાંખવાની હોઈ શકે છે પરંતુ પાટીદાર ધારાસભ્યો શાણા બની રહ્યા છે. તેઓ ખૂલીને બહાર આવતા નથી પણ અંદરખાને પાટીદાર આંદોલનને ટેકો આપી રહ્યા છે. સૌથી વધુ ખરાબ હાલત તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી લડવા માગતા ઉમેદવારોની બની છે. અમરેલીના ધારી મત વિસ્તારના ભાજપના ધારાસભ્ય નલિન કોટડિયાએ પાટીદારોને અનામત આપવા મુદ્દે સંમતિ આપી છે. તેઓ ઓબીસી સ્ટેટસ માટે પાટીદાર આંદોલનને સપોર્ટ કરે છે. તેઓ કહે છે કે હું આ મુદ્દે ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવાનું પણ પસંદ કરી શકું છું. જો આવી સ્થિતિ બીજા ધારાસભ્યોની થાય તો સરકારને વધુ કપરા દિવસો જોવાનો સમય આવી શકે છે. આ આંદોલન એટલી હાઈટ ઉપર છે કે સરકારે ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર અને ભાજપના સિનિયર નેતા કેશુભાઈ પટેલને મેદાનમાં ઉતારવા પડે તેવી હાલત છે...

અતીતની આજ (ચોથા પાનાનું ચાલુ...)

એટલે જ સ્તો એમણે નોઆખલી જવાનું પસંદ કર્યું હતું. હજુ બંને દેશની સરહદોનું નિર્ધારણ થવાનું બાકી હતું અને ઝીણાને કોઈપણ ભોગે કલકત્તા સહિતનું બંગાળ અને આસામ પૂર્વ પાકિસ્તાન તરીકે અને આખા પંજાબ સહિતનું પશ્ચિમ પાકિસ્તાન ખપતું હતું. સુભાષચંદ્ર બોઝના ભાઈ સરતચંદ્ર અને સુહરાવર્દીએ સાથે મળીને અલગ બંગાળનું સપનું થોડા વખત માટે જોયું હતું પણ એમને પ્રાંત અને કેન્દ્રની ધારાસભામાં જોઈએ તેટલો ટેકો મળ્યો નહીં.

કલકત્તામાં ૧૫ ઑગસ્ટે ગાંધીજીની પ્રાર્થનાસભામાં ૩૦ હજાર હિંદુ-મુસ્લિમ અને બીજે દિવસે ૫૦ હજાર લોકો હાજર હતા. હિંદુ-મુસ્લિમ એકતાના નારા લગાવતાં લોકો પ્રાર્થના સભા ભણી આગળ વધતાં હતાં. ગાંધીજીને કલકત્તામાં એ દિવસોમાં મળવા આવેલા સ્કૉટિશ ચર્ચ કૉલેજના આચાર્ય રેવરંડ જ્હોન કેલાસ સાથેની પ્રશ્નોત્તરીમાં ગાંધીજીએ કહ્યું હતું: ''રાજ્ય(દેશ) ધર્મનિરપેક્ષ છે તેથી કોઈ સાંપ્રદાયિક શિક્ષણને રાજ્યની તિજોરીમાંથી આર્થિક મદદ ન કરી શકે.'' સોમનાથના જીર્ણોદ્ધાર વખતે પણ મહાત્માની આ જ નીતિરીતિ પ્રગટ થઈ હતી. વિજ્ઞાનના એક પ્રાધ્યાપક ગાંધીને કલકત્તામાં મળ્યા. એમનો પ્રશ્ન હતો: ''સ્વતંત્ર ભારત અમને અણુબૉમ્બ બનાવવાનું ફરમાન કાઢીને કહે તો અમારે શું કરવું? બાપુનો ઉત્તર હતો: ''મરણના જોખમે પણ એનો પ્રતિકાર કરો. જે સાચા અર્થમાં વિજ્ઞાની છે તે એ સિવાય, બીજું કશું કરી જ ન શકે.'' નિર્મળકુમાર બોઝે 'માય ડેઝ વિથ ગાંધી'માં આ વાત નોંધી છે.

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ · કેટરીંગ · લાઈટીંગ · ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

મમી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭